# આખરે ખેરાલુ પાલિકાએ નગરમાં આંબેડકરની પ્રતિમા માટે જગ્યા ફાળવી

**બી.ન્યૂઝ.ખેરાલુ.ખેરાલુમાં બંધારણના ઘડવૈયા ડૉ.ભીમરાવ આંબેડકરની પ્રતિમા જગ્યા ફાળવવા દલીત અગ્રણીઓએ કરેલી ૧૫ વર્ષ જુની માંગણીને સ્વિકારી પાલિકાના સત્તાધીશોએ નગરના ખોખરવાડા નજીક આવેલા વણકરવાસના કુવા પાસે જગ્યાની ફાળવણી કરતાં દલીત સમાજમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.**

અત્રે ઉલ્લેખનિય છે કે ખેરાલુના વણકરવાસમાં રહેતા સવિતાબેન નવિનચંદ્ર પરમારે દલીત અગ્રણીઓની આગેવાની લઇ પંદર વર્ષ પૂર્વે નગરમાં જાહેર સ્થળ ઉપર બંધારણના ઘડવૈયા ડૉ.ભીમરાવ આંબેડકરની પ્રતિમા માટે જગ્યા ફાળવવા માંગણી કરી હતી. જોકે રાજકીય આંટીઘુટીમાં અભરાઇએ ચડાવી દેવાયેલી દલીતોની આ માંગણીનો પાલિકાએ દોઢ દાયકો વિતી ગયા પછી પણ ના સ્વિકારતાં દલીત સમાજમાં ભારે રોષ પ્રસરી જવા પામ્યો હતો. જોકે તાજેતરમાં ખેરાલુની મુલાકાતે આવેલા દલીત નેતા ઝવેરભાઇ ચાવડા સમક્ષ અગ્રણીઓએ રજુઆત કરતાં ઝવેરભાઇએ પાલિકાના મુખ્ય અધિકારી એચ.પી. પાઠક તેમજ નગરપતિ કલજીભાઇ પટેલના ઉધડા લેતાં અંતે પાલિકાએ ઠરાવ કરવાની તૈયારી દર્શાવી હતી અને ગત જનરલ સભામાં મુદો એજન્ડામાં લઇ નગરના ખોખરવાડામાં આવેલા વણકરવાસના કુવા પાસે બાબાસાહેબની પ્રતિમા મુકવા જગ્યાની ફાળવણી કરતો ઠરાવ પસાર કરતાં દલીત સમાજમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી હતી. આ મુદ્દે પાલિકાના મુખ્ય અધિકારીએ જણાવ્યું હતું કે ઠરાવ કરી દેવાયો હોવાથી પ્રમુખની સહિ મેળવી ટુંક સમયમાં જગ્યા માપી આપવામાં આવશે.

# ડભોડાની મહિલાને ગડદાપાટુનો માર મારતાં ત્રણ વિરૂધ્ધ ફરિયાદ

**બી.ન્યૂઝ. ખેરાલુ.ખેરાલુ તાલુકાના ડભોડામાં રહેતી એક મહિલાની ભાણી અને મહોલ્લાના યુવાને કરેલાં કોર્ટ મેરેજના મામલે સોમવારની બપોરે એકઠા થયેલા કેટલાંક શખ્સોએ વાર્તાલાપ દરમિયાન ઉશ્કેરાઇ જઇ મહિલાને ગડાદાપાટુનો માર મારી ઈજાઓ કરતાં સારવાર અર્થે ખેરાલુ સિવિલમાં દાખલ થયેલી મહિલાએ અત્રેના પોલીસ મથકે ત્રણ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.**

તાલુકાના ડભોડામાં રહેતા રેવાભાઇ પરમારની પત્ની લક્ષ્મી બેન પરમાર સોમવારની બપોરે તેના ઘરે હાજર હતી ત્યારે પાંચેક માસ પૂર્વે મહિલાની ભાણીએ મહોલ્લામાં રહેતા ચૌહાણ ભીખાભાઇ મણાભાઇના પુત્ર સાથે કરેલાં કોર્ટ મેરેજના મામલે મહિલાના પતિ તેમજ કુટુંમ્બીજનો અને ભીખાભાઇના પરિવારજનો હનુમાનજીના મંદિર સામેના ચોકમાં એકઠા થયા હતા. જ્યાં મહિલાની ભાણીએ કરેલા કોર્ટ મેરેજ બાબતે ચાલી રહેલી ચર્ચા દરમિયાન ઉશ્કેરાઇ ગયેલા ચૌહાણ ભીખાભાઇ સહિતે મહિલાને જાહેરમાં ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતાં સારવાર અર્થે ખેરાલુ સિવિલમાં દાખલ કરાયેલી મહિલાએ તેને ધિબેડી નાંખનારા ચૌહાણ ભીખાભાઇ માંનભાઇ, ચૌહાણ કમલેશભાઇ ભીખાભાઇ, ચૌહાણ મહેશભાઇ ભીખાભાઇ વગેરે ત્રણ વિરૂધ્ધ અત્રેના પોલીસ મથકે ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી હોવાનું જણાવ્યું હતું.

# લિબોદરાના ખેડૂતે વહાલસોયા બળદનુ મોત થતા ભારે હૈયે સ્મશાન યાત્રા કાઢી

***મનુષ્ય પોતાના કોઈ સ્વજનને ગુમાવે તો તેનુ ં દુ:ખ તેના માટે અસહ્ય અને કાયમી યાદ અપાવતુ ં હોય છે. પર ંતુ કોઈ પાલતુ પશુનુ ં મોત થાય તો સામાન્ય રીતે તેની કોઈ નો ંધ લેવાતી નથી, તેના મૃત્યુ બાદ તેના માલિક સાથેનો સ ંગાથ પુરો થઈ જતો હોય છે. કલોલના લિ ંબોદરા ગામે એક ખેડૂતે પોતાના બળદના મોત બાદ તેની અ ંતિમયાત્રા કાઢી પોતાનો પશુ-ેમ બતાવી માનવતાના ઉત્તમ દર્શન કરાવ્યા હતા.***


*આ અ ંગે મળતી વિગતો અનુસાર કલોલ તાલુકાના લિ ંબોદરા ગામના લક્ષ્મીપુરાના એક ખેડૂત પટેલ બબાભાઈ જીવીદાસના બળદનુ ં અવસાન થતા ં ખેડૂતને પોતાના સ્વજન ગુમાવ્યા કરતા પણ વધુ દુ:ખ અને આઘાત બળદના મૃત્યુ માટે અનુભવ્યો હતો. ખેડૂત દ્વારા તેની માનભેર અ ંતિમયાત્રા કાઢવામા ં આવી હતી. બળદના અવસાનના ૧૨ દિવસ પુરા થયા બાદ શાળાના બાળકોને તેની પાછળ ભોજન આપવામા ં આવશે તથા મનુષ્યના મૃત્યુ બાદ જે ક્રિયાઓ કરવામા ં આવે છે તે બધી જ ક્રિયાઓ આ મૃતક બળદની પાછળ કરવામા ં આવશે આ અ ંગે તેમના પુત્ર હસમુખભાઈ પટેલે જણાવ્યુ ં હતુ કે મારા પિતાએ આ બળદ નાનો વાછરડો હતો ત્યારે ૧૯૭૮ ની સાલમા ં માલધારી પાસેથી બળદકામ માટે તૈયાર કરવા લીધો હતો અને બે વર્ષમા ંતે તૈયાર થતા ં ત્યારથી આજદીન સુધી અમારા ખેતરમા ં તનતોડ મહેનત કરવામા ં કદી પાછી પાની કરી ન હતી અમે આજે સુખી થયા તો આ બળદના લીધે મારા પિતા તેને દિકરો જ ગણતા હતા અમારો બળદ અમારા હાવભાવ અને બોલચાલને પણ એક મનુષ્યની જેમ સમજી શકતો હતો તેની ઉંમર થઈ જતા ં છેલ્લા થોડા દિવસોથી અમો તેની પાસેથી ખેતીકામ બ ંધ કર્યુ ં હતુ ં અને સમગ્ર પરિવાર તેની સેવા કરતા હતા આજના જમાનામા ં ઘરડા મા ં બાપને વૃધ્ધાશ્રમમા ં અને બિન ઉપયોગી પશુને પા ંજરાપોળમા ં મુકી દેવામા ં આવે છે. ત્યારે આ પરિવાર બળદની અ ંતિમ ઘડી સુધી સેવા કરી હતી. આજે સવારે બળદે અ ંતિમ શ્વાસ લેતા ં ખેડૂતે તેને સ્વચ્છ પાણીથી સ્નાન કરાવી તેના મનુષ્યની જેમ કફન ઓઢાડી ફુલહાર, અબિલ, ગુલાલ ચઢાવી તેના મોઢામા ં ગ ંગાજળ અને તુલસીપત્ર નાખી ભજન ગાતા અ ંતિમ વિદાય આપી ત્યારે સમગ્ર વાતાવરણ શોકમગ્ન બની ગયુ ં હતુ ં. ગ્રામજનોમા ં પણ આ બળદ એટલો જ લોકપ્રિય હતો. આથી બળદની સ્મશાન યાત્રામા ં મોટી સ ંખ્યામા ં લોકો જોડાયા હતા.અ ંતે ખેતરમા ં જ બળદને દફનાવવામા ં આવ્યો હતો.*

## *લિંબોદરા ગામમા ં પશુ-ેમ ઝળક્યો*


શ્રી ૧।

ફેક્સ : ૨૭૪૨૯૭

# રાજ ઝેરોક્ષ



- ★ ઝેરોક્ષ
- ★ જમ્બો ઝેરોક્ષ
- ★ સ્પાઇરલ બાઇન્ડીંગ
- ★ લેમીનેશન
- ★
- ★ મલ્ટીકલર ઝેરોક્ષ
- ★ ફેક્સની સુવિધા
- ★ ઈન્ટરનેટ સુવિધા
- ★ કોમ્પ્યુટર જોબવર્ક

★ કોમ્પ્યુટર જોબવર્ક: ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં ટાઇપીંગ,બાયોડેટા,જન્માક્ષર, લગ્નબેનર,સ્ટેમ્પ ઉપર ટાઈપીંગ તેમજ ટ્રાન્સલેટ ઈનટુઈંગ્લીશ

★ મલ્ટીકલર ઝેરોક્ષ: પાસપોર્ટ, આઈકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ

★ ઈન્ટરનેટ સુવિધા : ઈ-મેઈલ, રીઝલ્ટ, તથા ઈન્ટરનેટને લગતા કામ મળે.

સીડી તથા પેઈન ડ્રાઈવમાંથી પ્રિન્ટઆઉટ કરી આપવામાં આવશે.

આઈ - ૪ કોલેજ શોપીંગ સેન્ટર, તાલુકા પંચાયતની સામે, માણસા


તંત્રી,માલિક,મુદ્રક,પ્રકાશક: ભરત જે.પંડયાએ ઉમિયા ઓફસેટ, ગાંધીનગર ખાતે છપાવી ગુલાબપુરા તા. માણસાથી પ્રસિધ્ધ કર્યુ. પી આર.બી. એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર